શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૧૨
અંક : ૮

## ટીમ

ટીમ વર્ક એ એવી વર્તણુક છે કે જેને સામાન્ય રીતે અમલમાં લાવવું મુશ્કેલ છે, કારણ કે દરેકના વિચારો અલગ અલગ હોય છે. મંતવ્યો કાર્ય પધ્ધતિ વગેરે પણ જુદાં જુદાં હોય છે એટલે તેઓમાં એકસુત્રતા લાવવા માટે લીડરે ઠોકી બેસાડવાની પધ્ધતિ નહીં, પરંતુ એવા પ્રકારનું શકિતદાયક વાતાવરણ ઉભું કરવાનું રહે છે કે જેમાં જુથના હેતુને સિધ્ધ કરવા ઉમળકાથી બધા જ પોતાનું યોગદાન આપે. અસરકારક લીડર એ છે કે જે તેની ટીમના બધા સભ્યોને આયોજન અને નિર્ણયની પ્રક્રિયામાં સામેલ કરે. એ ઉપર થી નીચેના સ્તર સુધી માહિતીથી અવગત કરાવે છે. સહભાગીપણા ની પધ્ધતિ (પાર્ટિસિપેટિવ સ્ટાઈલ)થી જુથ ના સભ્યો તેઓનું મહત્વ સમજતા થાય છે અને એ રીતે તેઓના શ્રેષ્ઠ યોગદાન વડે કામગીરીનું સ્તર પણ સુધરતું જાય છે. જો કે એક વાતનું ધ્યાન રહે કે લીડરે કઈ માહિતીને લોકો સુધી પહોંચાડવી જરુરી છે અને કયા મુદ્દાઓ એવા છે કે જે જુથ માટે મહત્વના નથી એ માટે પોતાની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરવાનો રહે છે. જુદા જુદા પ્રકારનાં વ્યકિતત્વ ધરાવતા લોકો વચ્ચે ઘણી વાર સંકલન (કો–ઓર્ડિનેશન)ને એકમતી(કન્સેસ) ગણી લેવામાં આવે છે. પરંતુ સંકલન માટે જે પ્રયાસો કરવામાં આવે છે તેના માટે જરૂરી નથી કે સહમતીના કરાર કરવામાં આવે. બીજી રીતે કહીએ તો વ્યકિતગત મંતવ્યો અલગ અલગ હોઈ શકે છે. પરંતુ સંકલિત પગલાંઓ અસરકારક ટીમવર્કની જ આલબેલ પોકારે છે.

એક કુશળ અદાકારની જેમ એક લીડરે નીચેની ત્રણ ભુમિકા ભજવવા માટે પ્રાવીણ્ય મેળવી લેવાનું રહે છેઃ

<u>(૧)ઈન્ટરપર્સનલ રોલ</u> :– લીડરે કાયદાકીય અને સામાજીક ભુમિકાઓ ભજવવી પડતી હોય

Have self-respect.
Respect your job,
looks and family.
Be honest and God fearing.
Spare time for self and family.
Daily prayers, exercises and yoga,
help everyone.

**જે પ્રગતિ સંબધોમાં ઘનિષ્ટતા લાવે તે જ સમાજને વિકસાવે**

છે. કયાંક પ્રવચન, કયાંક ઉદઘાટન, તો કયાંક જુદા જુદા જુથના લોકો સાથે ચર્ચા કરવી પડે છે. આ ઉપરાંત તેમની સાથે કામ કરતા લોકોના વિકાસ, સુધારો, શિસ્ત વગેરેનું પણ ઘ્યાન રાખવું પડશે. સંસ્થા કે જુથની અંદર યોગ્ય સંપર્કો બનાવવાના, સાચવવાના અને વધારવાના રહેશે. આ બધી આંતર વૈયકિતક (ઈન્ટરપર્સનલ રોલ્સ) ભુમિકાઓ કહેવાય .

<u>(૨)ઈમ્ફર્મેશનલ રોલ</u> :– લીડરે જરુરી એવી બધી જ માહીતી ભેગી કરવી પડશે. સંસ્થા કે જુથની અંદર શું ચાલી રહયું છે, બહાર શું ચાલી રહયું છે એ બધું જ સમજવું પડશે. પ્રતિસ્પર્ધીઓ વિરોધીઓ શું કરી રહયા છે, કયાં શું રંધાઈ રહયું છે, સમાજ કઈ દિશા તરફ આગળ વધી રહયો છે એવી દરેક માહિતી એકઠી કરી પ્રોસેસ કરવી પડશે, યોગ્ય વ્યકિતને પહોંચાડવી પડશે. સંસ્થા કે જુથની પ્રગતિથી અંદરના લોકોને અને બહારનાને પણ વાકેફ કરવા પડશે. જેને માહિતી લક્ષી ભુમિકા (ઇન્ફર્મેશનલ રોલ) કહે છે.

<u>(૩) ડિસિશનલ રોલ</u> :–_ અહીં લીડરે કશુંક નવું કરવાનો નિર્ણય લેવાનો હોય છે. કયાંક ચડભડ થતી હોય તો તેનું સુરસુરિયું કરવાનું હોય છે, સળગી ઉઠેલી જવાળાઓને ઠારવાની હોય છે. સાધનો (રિસોર્સિઝ)ની યોગ્ય વહેંચણી કરવાની હોય છે (એકનેગોળ અને બીજા ને ખોળ એવો નિર્ણય ન ચાલે) જુથની અંદરનાં સાથે કે બાહય પરિબળો સાથે તડજોડ કરવાની હોય, વાટાઘાટો કરવાની હોય કે વ્યવહાર સાચવવાના હોય ત્યારે લીડરે અનિવાર્યપણે નિર્ણય લેનારની ભુમિકા (ડિસિશનલ રોલ) ભજવવાની રહે છે.

<u>સેલ્ફ ડીસીપ્લીન</u> :– જુથની વાત આવે છે ત્યારે તેમા રહેલા સભ્ય માટે સ્વયં શિસ્ત નુ મહત્વ વધી જાય છે. જાપાનીઝ લોકો તેના જુથ પ્રત્યે જબરા વફાદાર હોય છે. આના કારણે ત્યાં લીડર અને અનુયાયીઓ વચ્ચે ઘર્ષણ બહુજ ઓછુ થાય છે. અને સંસ્થાને પડી ભાંગવાના ચાન્સીઝ તેથી ઘટી જાય છે. બીજા વિશ્વયુઘ્ધમાં સાવ પડી ભાંગ્યુ હતુ તેવુ જાપાન આજે આર્થિક મહાસતા છે તેમા આ સેલ્ફ ડીસીપ્લીન મહત્વનુ કારણ છે.

<u>ટીમની છૂપી સમસ્યાઓ</u> :– અધિકારની સીમારેખાને કોઈ ઓળંગી જાય ત્યારે કોની કઈ જવાબદારી છે તેવો સવાલ ઉભો થાય એવુય બને કે એકના ક્ષેત્રમાં બીજો માથુ મારે તો મન ઉંચા થઈ જાય. નિર્ણય લેવાની પ્રક્રિયામાં જયારે સઘન રીતે લોકોને સહભાગી બનાવવામાં આવે છે ત્યારે તેની પાછળ પુષ્કળ સમય ખર્ચાય છે. સારી કામગીરી કરનારનું કામ ગણતરીમાં ન લેવાય ત્યારે તેના પ્રયાસોમાં ઉદાસ થતો જાય છે બીજી બાજુ ટીમના મોટા ભાગના સભ્યો આળસુ, કામચોર, કામને ઠેકાડનારા હોય તો ટીમના સારા પરફોર્મન્સ પર તેની અસર પડયા વિના રહેતી નથી પછી ટીમ સ્પીરીટ કે સંઘભાવનાનુ સ્થાન ટોળાવૃતિ લઈ લે છે.

—સંકલિત અંશોઃ 'ખુદી કો કર બુલંદ' શ્રેણી

**નિષ્ઠા પૂર્વકનું કામ એ વ્યકિતના વિકાસનો પાયો છે.**

## સ્ત્રી ભૃણ હત્યા

સ્ત્રી ભૃણ હત્યા વિશે જયારે વાત કરવામાં આવે ત્યારે "હત્યા" શબ્દ ચોક્કસ ધ્યાને આવે આ શબ્દ જ તેની ક્રુરતા રજુ કરી દે છે.

સ્ત્રીને માતાનો દરજજો આપવામાં આવ્યો છે. સ્ત્રીને શકતી અને ભકિતના પ્રતિક સ્વરૂપે સ્વિકારતો દેશ આજે સ્ત્રી ભૃણ હત્યા માટે વગોવાઇ રહયો છે. કહેવાતો સુધરેલો સમાજ આજે સ્ત્રી ભૃણ હત્યામાં આંખ આડા કાન કરી પોતાના મૂળભૂત સંસ્કારો માંથી વિચલીત થઇ અંધકારભર્યા માર્ગ તરફ ધકેલાઇ રહયો છે.

કોઇ સ્ત્રીની ભૃણમાં હત્યા કરવામાં આવે ત્યારે એ વાત ન ભૂલવી જોઇએ કે તે હત્યા સ્ત્રીની નહિ પણ એક માતાની થઇ રહી છે કોઇ જન્મદાત્રી સ્ત્રી જયારે જન્મે છે, ત્યાર પછી વિકસે છે, વિકસીત થાય છે ત્યાર બાદ ૨૦, ૨૫ કે ૩૦ વર્ષ પછી એ પણ કોઇની માતા હોઇ શકે. જો આ વાતમાં તથ્ય છુપાયેલુ હોય ને વાત સમજવા અને માનવા યોગ્ય હોય તો એ વાતનો સ્વીકાર કરશો. થઇ રહેલી હત્યા જે બોલી–ચાલી શકતી નથી તેની નહિ પણ કોઇ માતાની થઇ રહી છે.

કન્યા કેળવણી, સ્ત્રી અનામત, ઘરેલુ અત્યાચાર ધારાનો જોર શોરથી પ્રચાર કરવામાં આવે છે. પરંતુ શું સાચા અર્થમાં કહેવાતો સમાજ આ દિશા તરફ ચાલી રહયો છે? જો હુ મારૂ મંતવ્ય કહુ તો હુ કહીશ કે "ના" માત્રને માત્ર વાતો થઈ રહી છે. જો આમ જ સ્ત્રીભૃણ હત્યા થશે તો સ્ત્રી કેટલી બચશે? તો પછી કન્યા કેળવણી, સ્ત્રી અનામત આ બધુ શા માટે ? શું કામનું ? શું ખરેખર સમાજમાં તાદામ્યતા કેળવવા સમાજ દેશને સુવ્યવસ્થિત ચલાવવા સ્ત્રી ભૃણ હત્યા અટકાવવી જરૂરી નથી ?

શું સુનિતા વિલીયમ્સ, કલ્પના ચાવલા, સાનિયા મિર્ઝા, મેધા પાટકર જેવી નારી શકિતઓ સફળતાના સોપાનો સર કરી વિશ્વ વિક્રમો સ્થાપીને સ્ત્રી શકિતની મિશાલ પુરી પાડતા નથી ?

કયારેક એ વાતથી પણ માથુ જુકી જાય છે કે સ્ત્રીભૃણ હત્યા કરાવવામાટે એક સ્ત્રી પણ હસતા મોએ રાજી થઇ જાય છે. આજે વસ્તીમાં સ્ત્રીની સંખ્યા ઓછી ને પુરૂષની સંખ્યા વધારેના સતાવાર આંકડા આવતા જાય છે. દર વર્ષે પુરૂષોની સંખ્યામાં વધારો ને સ્ત્રીની સંખ્યામાં ઘટાડો નોંધાતા જાય છે પરિણામે આજે સામાજિક બંધનોને નિભાવવા, સમાજને સુવ્યવસ્થિત ચલાવવા માટે જયારે સ્ત્રી અને પુરૂષની સંખ્યા બરોબરીની હોય તો જ સમાજ ચાલી અને દોડી શકશે. ભૃણ હત્યાથી સમાજ લંગડો થઇને ચાલી રહયો છે. જો મિત્રો હજુ પણ સમય છે, જો સ્ત્રી ભૃણ હત્યાને અટકાવવામાં આવશે તો હજુ આ લંગડાતા ચાલવાની શરૂઆત કરતો સમાજ પાછો દોડી શકે તેમ છે.

*–ૠષિત એમ. વૈષ્ણવ*

**ક્રોધ મણસનની આંખો બંધ કરી દે છે અને મોઢુ ખોલી દે છે.**

## સ્ત્રીઓ પર થતી કૌટુંબિક હિંસા

આપણી સંસ્કૃતિમાંનારીને શકિતનું સ્વરૂપ ગણીને તેની પુજા–અર્ચના કરવાનો મહિમા છે. આવી પરંપરા છતાં મહિલાઓની હાલત બદતર રહી. સ્ત્રીઓ પરની હિંસાના આવા જે કિસ્સાઓ બને છે. "સ્ત્રીઓ" પોતે જ પોતાની જાતને મદદ કરી શકતી નથી તેથી આવી હિંસાનો ભોગ બને છે. કોઇ પણ મહિલાને મારપીટ કરવી, સ્ત્રી પર બળાત્કાર કરવો, સ્ત્રીની ઇચ્છા વિરૂધ્ધ શારીરીક સબંધ બાંધવા, દહેજના કારણે મારી નાખવાની ધમકી આપવી, સળગાવી દેવી, નિ:સંતાનના કારણે મારી નાખવાની અને શારીરીક માનસીક ત્રાસ આપવો, ગર્ભમાં જો દિકરી હોય તો પડાવી દેવી વગેરે મહિલા પર થતી હિંસા જ છે.

સ્ત્રી હિંસા વિરૂધ્ધના ઘણા બધા કાયદાઓ અમલમાં હોવા છતા આપણા સમાજમાં સ્ત્રીઓ પુરી રીતે સલામત અને આત્મ નિર્ભર નથી. મહિલાઓ સમાજનું ઉપયોગી અંગ છે. અને તેમના ઘડતર, વ્યકિતત્વ અને ચારિત્રના આધારે જે તે સમાજનું બંધારણ ઘડાય છે. સમાજમાં મહિલાઓની ઉપેક્ષા જગ જાહેર વાત છે પરંતુ તેમના પ્રત્યે સદભાવ અને તેમના ઉત્કર્ષ માટે આઝાદીના ૬૪ વર્ષ થયા છતા કોઇએ સંનિષ્ઠ પ્રયાસો થયા નથી.

કુટુંબના સભ્યો જેવાકે, પતિ–પત્ની, સાસુ–વહુ, મા–બાપ અને પુત્રો, દેરાણી–જેઠાણી, સસુર–પુત્રવધુ, નણંદ–ભોજાઇ, ભાઇ–ભાભી, વચ્ચેના સબંધો સુમેળભર્યા ન હોય તેમજ પરસ્પર પૂર્વગ્રહ, શંકા, મતભેદ, કડવાશ પ્રવર્તતી હોય, અવાર નવાર ઝઘડા થતા હોય તથા લાંબા સમય સુધી તે ટકી રહેતા હોય અને તેના પરિણામે કુટુંબ કે ઘર એક એકમ તરીકે તેની કામગીરી કરવામાં મુશ્કેલી અનુભવતુ હોય ત્યારે દરેક સભ્યો તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી શકે તેવી સ્થિતીનો અભાવ રહે. આવી સ્થિતી કુટુંબના સભ્યો ઉપર માનસિક દબાણ અને તનાવ પેદા કરે પરિણામે કુટુંબના સભ્યો હતાશા, બેચેની, ક્રોધ, આવેશ અને બદલાની લાગણી અનુભવે છે. આ લાગણીઓ કુટુંબના વ્યકિતઓનું વિઘટન સૂચવે છે. આને ઘરેલુ કૌટુંબિક હિંસા કહેવામાં આવે છે.

જીવનમાં સામાજીક સમસ્યાના ઉકેલ માટે સમાજકાર્ય એ એક રામબાણ ઇલાજ ગણાવી શકાય. સમાજમાં નાનામાં નાનું અને ખૂબ મહત્વનું એકમ કુટુંબ છે. કુટુંબના સર્વ સભ્યો સંવાદિતા પૂર્વક રહે તેવી પરસ્પર જવાબદારી છે. કોઇ પણ સમાજ એવો નથી કે જેમાં સમસ્યા ન હોય, કૌટુંબિક હિંસા એ પણ એક સમસ્યા જ છે. તેથી કુટુંબનું એકમ અકબંધ રાખવુ હોય તો આવી હિંસાને અટકાવવી જરૂરી છે.

– કોમલ જોષી

**મહાન માનવીની પરિક્ષા તેની નમ્રતા છે.**

## ટીમ ક્ષમતા વર્ધન કાર્યશાળા

તા.૨૮ – ૨૯ ના રોજ તાલાલા શ્રીબાઈ આશ્રમ ખાતે બે દિવસીય ટીમ ક્ષમતા વર્ધન કાર્યશાળા યોજવામાં આવી આ કાર્યશાળામાં અમરેલી અને જુનાગઢ જીલ્લામાં ચાલતા સંસ્થાના કાર્યક્રમો સાથે જોડાયેલા તમામ કાર્યકરો જોડાયા હતા.

આ કાર્યશાળામાં સ્વૈચ્છિક કાર્યની સમજ, સહભાગી નિર્ણય પ્રક્રિયા, ટીમવર્કના ફાયદા ખને જાખમો, સામાજીક અન્વેષણ, વર્તનમાં પરિવર્તન (બીસીસી), પીઆરએ, આપતિ પુર્વેની તૈયારીઓ અને તે બાબતે થયેલ કામગીરીની ફીલ્ડ વીઝીટ સાથે શીખવવાની પ્રક્રિયા થઈ.



સંસ્થાના વહિવટી/હિસાબી/કચેરી કામ સાથે સંકળાયેલા તેમજ અમલીકરણના તબકકે કાર્યરત ફીલ્ડવર્કર તથા સુપરવાઈઝરી કાર્યકરો સાથે તેમની કામગીરીની ચર્ચા, તેમને થયેલા અનુભવો, કાર્યમાં નડતી મુશ્કેલીઓ પર ચર્ચા કરી તેમના ઉકેલ સહભાગીતાથી શોધવા પ્રયાસ કર્યો હતો, સપ્ટેના આયોજનની ચર્ચા કરી. અસરકારક અમલીકરણ, દસ્તાવેજીકરણ, ચાલુ પ્રોજેકટના સમયગાળો પુર્ણ થાય પછી કરવાના થતા અનુસરણ કાર્ય, જરુરિયાતો અને આપણી કુશળતા તથા ઉપલબ્ધ (અથવા ઉભા થઈ શકે) સંશાધનોને ધ્યાને લઈ આયોજન કરવામા આવ્યુ હતુ. આ કાર્યશાળામાં બેચલર ઓફ સોશ્યલ વર્કમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

**શતરંજના બોર્ડ ઉપર આપણુ છેલ્લુ પ્યાદું હોય ત્યાં સુધી હાર માનવી નહી.**

## ન્યાય સમિતીના સભ્યોની કાયદાકીય તાલીમ

સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેન દ્વારા તા. ૧૦ અને ૧૧ દરમ્યાન ન્યાય સમિતીના સભ્યો માટે કાયદાકીય તાલીમ યોજવામા આવી હતી. આ તાલીમમાં સાવારાજ, ઉત્થાન, નવજયોત, શિક્ષણ અને સમાજકલ્યાણ પ્રેરીત કુલ છ મહિલા ન્યાય સમિતીના ૩૦ સભ્યો જોડાયા હતા. છેલ્લા પાંચેક વર્ષથી પોતાની રીતે કાર્યરત આ સમિતીઓના સભ્યોને હાલના સ્ત્રીઓને લગતા કાયદા અને તેના અમલીકરણ બાબતે જાણકારી પ્રાપ્ત થાય અને તેમને પોતાના કાર્યમાં તેનો સહજતાથી ઉપયોગ કરી શકે તેવો આ કાર્યશાળાનો ઉદેશ હતો.



એડવોકેટશ્રી મીના જગતાપએ ભરણપોષણ, શારીરિક માનસિક ત્રાસ જેવી બાબતો ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ સમજાવી હતી. હિન્દુ લગ્ન ધારો તથા અન્ય કાયદાકીય બાબતો કે જે મહિલા ન્યાય સમિતીમાં રોજબરોજ નોંધાતી ફરીયાદોમાં આ સમિતીના સભ્યોને માર્ગદર્શન કરવામા મુશ્કેલ લાગતી હોય તે તમામ બાબતોમાં કાયદાકીય ટેકો મળી શકે તેવી તમામ બાબતો આવરી લીધી હતી. બીજા દિવસે આગળના દિવસની શીખેલી બાબતો અમલમાં લાવવા શ્રી જીજ્ઞા જોષીએ તાલીમાર્થીઓ સાથે જુદી જુદી રમતો દ્વારા સમજાવ્યુ હતુ. તેમના કાર્ય આયોજનમાં ઉપરોકત સંસ્થાઓના કાર્યકરો પણ જોડાયા હતા.

***The beginnings of all things are small. - Cicero***

## મોબાઇલ અને કોમ્પ્યુટર

રોજબરોજ જીવનની કેટલીક બાબતો પર ટેકનોલોજીની અસર સમજવા જેવી છે. કક્કો—બારાક્ષરી કે એબીસીડી શીખતો બાળક પણ આજે મોબાઇલ કે કોમ્પ્યુટરની મદદ લઇ શકે છે. ભારતમાં લગભગ અઢી કરોડ લોકો પાસે પર્સનલ કોમ્પ્યુટર છે.

લાંબો સમય રાહ જોવડાવ્યા પછી ૩—જી તરીકે ઓળખાતી થર્ડ જનરેશન મોબાઇલ સર્વિસ પણ ભારતમાં આવી પહોચી છે. ૩—જી ને કારણે મોબાઇલ નેટવર્ક પર ડેટા ટ્રાન્સફર અત્યંત ઝડપથી થઇ શકે છે. જોકે ક્રિકેટ સ્કોર, એસ્ટ્રોલોજી કે બ્યુટી ટીપ્સ મોબાઇલ પર મળે એ બહુ જુની વાત થઇ ગઇ, હવે તો મોબાઇલ પર લાઇવ ટીવી આવી પહોચ્યું છે.

મોબાઇલ પર એક તરફ એન્ટરટેઇનમેન્ટની ધમાલ છે તો બીજી તરફ બિઝનેસ યુગમાં પણ ક્રાંતિ આવવાની તૈયારી છે. છેલ્લા બે વર્ષમાં મોબાઇલની મદદથી બેંકિંગનું કામકાજ ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ કરતાં ત્રણ ગણું વધ્યું છે. ધીમે ધીમે આ બંન્ને કાર્ડ ભુલાઈ જ જાય અને એમનું સ્થાન મોબાઇલ લઈ લે એવી શકયતા છે. હવે તમે બોર્ડ ઓફ ડિરેકટર્સની મિટિંગમાં જાવ કે રેસ્ટોરન્ટમાં ડિનર માટે જાવ – ખિસ્સામાં માત્ર એક મોબાઇલ હોય તો તમારી બધી જરૂરિયાત સંતોષાઇ જાય તેમ છે. રેસ્ટોરન્ટનું લોકેશન શોધવામાં પણ મોબાઇલ મદદરૂપ થશે. એ ફિલ્ડમાં પણ મોબાઇલ ઇન્ટરનેટ પરના સર્ચ કરતા આગળ છે કેમ કે મોબાઇલ પર ગ્લોબલ પોઝિસનિંગ સિસ્ટમ પણ કામે લાગે છે. તમારી દીકરીને ઘેર લઇ આવતી સ્કુલ બસ અત્યારે એકઝેટલી કયાં લોકેશન પર છે તે તમે તમારા મોબાઇલ પર જાણી શકો એવા દિવસો આવી રહયા છે.

આ બધું બતાવે છે કે આવનારાં વર્ષોમાં મોબાઇલ અને ઇન્ટરનેટ બંન્ને વિના આપણું જીવન અશકય બનવાનું છે અને થોડા સમયમાં, આપણે વડિલોની જેમ પોરસાઇને કહેશું કે 'અમારા જમાનામાં તો અમે કાગળ પેનનો ઉપયોગ કરતા !' —સાભારઃ સાધના

**પ્રિય વાચક મિત્રો,**
ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે.
આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે. **—ટપક ટીમ**

**આ માસમાં સંસ્થાના શુભેચ્છકશ્રીઓ**

| | | | |
|---|---|---|---|
| નિર્મળ સસીલથા | ૮૪૦ | કાર્થિક વાસુદેવન | ૮૪૦ |
| યોગેશ મહારાઓ | ૮૪૦ | શ્રીધર વી | ૮૪૦ |
| શ્રી વીરપલ્લી | ૮૪૦ | પ્રશાંત જાધવ | ૮૪૦ |

***સમપર્ણ એ નમ્રતાનુ જન્મ સ્થાન છે.***

**પુસ્તક પરીચય:–**

૨૩ જેટલી સુંદર વાર્તાઓ સાથે 'મમતાનો માળો' એ નામે પ્રસિદ્ધ થયેલ પુસ્તક "ટપક" ટીમને વાંચવા માટે સાંપડયુ છે.

લેખક: ગણપતભાઈ ઉપાધ્યાય

પ્રકાશક: ચંપા બહેન ઉપાધ્યાય

વિક્રેતા: શ્રી શારદા નિકેતન એજયુકેશન ટ્રસ્ટ, જલારામનગર–૧, હનુમાનપરા માર્ગ, અમરેલી–૩૬૫૬૦૧

"છાલક" ત્રિમાસિક પણ ઉપાધ્યાય પરિવાર દ્વારા શરૂ થયુ છે જે અનન્ય વિવિધતા સભર છે "છાલક" ને ખુબ ખુબ શુભકામનાઓ.

**સ્વ. દિગંતભાઈ ઓઝાને ભાવભરી શ્રધ્ધાંજલી.**

**– ટપક ટીમ**

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૭ | એસએચજી માટે સરપંચોની તાલીમ, ખાંભા |
| ૮ | યુપીએસસી, જીપીએસસી પરીક્ષાની તૈયારી અંગેના સેમિનારમાં માર્ગદર્શન |
| ૯ | એસકેવાવ કોર કમીટીમાં હાજરી |
| ૧૦–૧૧ | ન્યાય સમિતિ તાલીમ, અમરેલી |
| ૨૦ | રેડ રીબન કલબની તાલીમમાં વિષય નિષ્ણાંત તરીકે હાજરી |
| ૨૮–૨૯ | ટીમ ક્ષમતા વર્ધન કાર્યશાળા, તાલાળા |
| ૩૦ | પ્રેસર ગ્રૃપ મીટીંગ – ખાંભા |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સુખ ભાગ્યે જ ગેર હાજર હોય છે માત્ર આપણે તેની નોંધ લેતા નથી.**